# -: પ્રેસનોટ :-

તા.૧૯/૧૦/૨૦૧૮ ના રોજ શ્રી એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર નાઓના અધ્યક્ષ સ્થાને અમદાવાદ શહેરમાં ઈ-કોમર્સ સાથે જોડાયેલ કંપનીઓ જેમ કે, UBER Eats, SWIGGY, U.S.PIZZA, Food WINGZY, Dominoss Pizza, Zomato, Mc Donald Pizza, Honest, Havmor Icecream, Subway, Real Peprica, Myntra, Blue Dart Express Limited, Flipkart ઓનલાઈન સર્વિસ આપવાનું કામ કરે છે તેઓના રીઝીયોનલ હેડ સાથે મીટીંગ રાખવામાં આવેલ હતી.

જેમાં રોડ સેફ્ટી એકટ અંતર્ગત જણાવવામાં આવેલ છે કે, તા.૧૯/૨/૨૦૧૮ ના રોજ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એકટ-૨૦૧૮ પસાર કરવામાં આવેલ છે. આ કાયદાની કલમ-૧૫ ની પેટા કલમ-૧ માં જોગવાઈ કરવામાં આવી છે કે, સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સીલ અથવા સીટી રોડ સેફ્ટી કમિટિ અથવા ડીસ્ટ્રીક રોડ સેફ્ટી કમિટિ કોઈપણ સરકારી વિભાગો અથવા જાહેર સત્તામંડળ અથવા સ્થાનિક સત્તામંડળ અથવા જાહેરજનતાની કોઈ વ્યક્તિ અથવા જાહેર અથવા ખાનગી સંસ્થાને રોડ સેફ્ટીના હેતુ માટે માટે કામગીરી કરવા હુકમ કરી દિશા નિર્દેશો આપી શકશે. તેમજ વધુમાં સમજ કરવામાં આવેલ છે કે, આ કાયદાની કલમ-૧૭ માં જણાવ્યા મુજબ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એકટ-૨૦૧૮ હેઠળ કોઈપણ હુકમ અથવા તો દિશાનિર્દેશનો અમલ કરવામાં નહી આવે તો અમલવારીમાં વિલંબ બદલ આ હુકમનો અમલ ન થાય ત્યાં સુધી પ્રતિ દિવસ ૫૦૦/- રૂપિયા દંડ કરવામાં આવશે. આ દંડ કરવા રોડ સેફ્ટી કમિશ્નર અથવા એન્ફોર્સમેન્ટ ઓફીસરને સતા રહેશે. વધુમાં જોગવાઈ કરવામાં આવી છે કે આ દંડ રૂ.૨૫,૦૦૦/- થી વધવો જોઈએ નહી વિગેરે બાબતોથી વાકેફ કરવામાં આવ્યા તથા તેઓના ડીલીવરી બોય ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરે તે માટે સુચના તથા માર્ગદર્શન આપવામાં આવેલ તથા ભવિષ્યમાં જો તેમના દ્વારા રોડ સેફ્ટી અંતર્ગત આપવામાં આવેલ સુચનો પ્રમાણે કાર્યવાહી નહી થાય તો તેઓ ઉપર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે, તેવી સમજ કરવામાં આવેલ છે. તેમજ ઇ-કોમર્સ સાથે જોડાયેલ કંપનીઓ લોકોના સીધા સંપર્કમાં રહેતી હોય જેથી આ કંપનીઓને ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા એક **'આદર્શ'** બનીને કાર્ય કરવા સમજ કરવામાં આવેલ. ઇ-કોમર્સ સાથે જોડાયેલ ઉપર્યુક્ત સંસ્થાઓએ આગામી સમયમાં રોડ સેફ્ટી અંતર્ગત ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા ખાત્રી આપેલ છે.

**તા.૨૦/૧૦/૨૦૧૮**

**( જે.આર.મોથલીયા )**
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફિક,અમદાવાદ શહેર